Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૫ ● સળંગ અંક : ૧૦૯૩ ● પ્રકાશિત તા-૩-૧૨-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# ડિજિટલ અરેસ્ટના કેસની તપાસ સીબીઆઈ કરશે


## આ સ્કેમથી અનેક લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવી લેવાયા, આ મામલો હવે એટલો મોટો થઈ ગયો છે કે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે : સુપ્રીમ

સુપ્રીમ કોર્ટે ડિજિટલ અરેસ્ટ મામલે સખત વલણ અપનાવ્યું છે અને CBIને આખા દેશમાં તપાસ શરૂ કરવાનો આદેશ આપ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આ સ્કેમથી અનેક લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું કે આ મામલો હવે એટલો મોટો થઈ ગયો છે કે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેશના બધા રાજ્યો, પછી ત્યાં કોઈ પણ પાર્ટીની સરકાર હોય, સીબીઆઈને આ તપાસ માટે તાત્કાલિક મંજૂરી આપે. સુપ્રીમ કોર્ટે માન્યું કે આટલા મોટા નેટવર્કવાળા ફ્રોડને રોકવા માટે એક જ એજન્સી દ્વારા કેન્દ્રિત રીતે તપાસ કરાવવી સૌથી જરૂરી છે. કોર્ટે સીબીઆઈને એ પણ છૂટ આપી છે કે જો કોઈ બેંકે ખોટી રીતે એકાઉન્ટ ખોલ્યા હોય અને તેનો ઉપયોગ આ સાયબર ફ્રોડમાં થયો હોય, તો તે બેંકરોની પણ તપાસ કરવામાં આવે. આ તપાસ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ થશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, બેંકિંગ સિસ્ટમમાં જે કોઈ નબળાઈઓ છે, તેને બહાર કાઢવી પણ માન્યું કે સ્કેમર્સ પોતાને પોલીસ, એજન્સી કે સરકારી અધિકારી ગણાવીને ડર ફેલાવે છે અને લોકો ડરીને પૈસા મોકલી દે છે. એટલે ડિજિટલ પ્લેટફોર્મનો સહયોગ અત્યંત જરૂરી છે. સુપ્રીમ કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે, જો તપાસમાં એવું સામે આવે કે આ ગેંગ ભારતની બહારથી કામ કરે છે અથવા વિદેશમાં પૈસા મોકલવામાં આવ્યા છે, તો જરૂરી છે, કારણ કે સ્કેમર્સ આ જ ખામીનો લાભ ઉઠાવે છે. ડિજિટલ અરેસ્ટ સ્કેમ ફોન કોલ, વીડિયો કોલ અને મેસેજિંગ પ્લેટફોર્મ દ્વારા ચાલે છે. એટલે કોર્ટે મેટા, ગૂગલ, તથા બાકી સોશિયલ મીડિયા કંપનીઓને સ્પષ્ટ કહ્યું છે કે સીબીઆઈને જરૂરી બધા ડેટા, માહિતી અને ટેકનિકલ મદદ તુરંત ઉપલબ્ધ કરાવવામાં આવે. કોર્ટે એ સીબીઆઈ ઈન્ટરપોલની મદદ લઈ શકે છે. બન્ને દેશોની એજન્સીઓ વચ્ચે સંકલન સાધીને કાર્યવાહી કરી શકાશે, જેથી આંતરરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા નેટવર્કને ખતમ કરી શકાય. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ટેલિકોમ ડિપાર્ટમેન્ટને કહ્યું છે કે, તેઓ જણાવે કે આટલા મોટા પાયે ફેક સિમ કેવી રીતે જારી થઈ રહ્યા છે અને તેને રોકવા શું નવાં પગલાં લઈ શકાય. કોર્ટે કહ્યું કે, સ્કેમર્સ નકલી ઓળખપત્રો અને ખોટા દસ્તાવેજો પર સિમ લે છે અને એ જ નંબરોથી લોકોને ધમકાવવાના કે ફસાવવાના કોલ કરે છે. સુપ્રીમ કોર્ટે આરબીઆઈને સલાહ આપી છે કે, તે ટેકનોલોજીનો વધારે ઉપયોગ કરે. ખાસ કરીને એઆઈ અને મશીન લર્નિંગની મદદથી આ ફેક એકાઉન્ટ્સની ઓળખ, ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન રોકવા અને મ્યૂલ એકાઉન્ટ્સ પકડવાની સિસ્ટમને વધુ મજબૂત કરવામાં આવે. કોર્ટે કહ્યું કે બેંકોને ઘણી વાર મોડી ખબર પડે છે કે એકાઉન્ટનો ખોટો ઉપયોગ થયો છે, એટલે ટેકનોલોજીને વધુ ઝડપી અને સ્માર્ટ બનાવવી જરૂરી છે. કોર્ટે તમામ રાજ્ય સરકારોને એ પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ પોતાની સાઈબર ક્રાઈમ યુનિટ્સને વધુ ઝડપી, સક્ષમ અને સંસાધનયુક્ત બનાવે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પ્લેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ





શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975
જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## ૭ ડિસેમ્બરે રૂ. ૨૩૯૫.૭૭ કરોડના વિકાસ કામોના

# કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહ લોકાર્પણ-ખાત મહુર્ત કરશે



અમદાવાદ : અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસને વેગ મળે તે ઉદ્દેશ સાથે ગાંધીનગર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન ૭ ડિસેમ્બર, રવિવારના રોજ કરવામાં આવ્યું છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૬૧૮.૨૭ કરોડનાં ખર્ચે ૧૫ કામોનું લોકાર્પણ થશે. આ સાથે સાથે ૨ આવાસોના ડ્રો પણ યોજાશે, જેમાં રૂ. ૧૨૭.૬૭ કરોડનાં આવાસ સંબંધિત કામોનો પણ સમાવેશ થાય છે. આ સિવાય રૂ. ૫૪૦.૭૮ કરોડનાં ખાતમુહૂર્ત ૧૩ કામોનાં ખાતમુહૂર્ત પણ થશે. આમ, આ વિસ્તારમાં કુલ મળીને રૂ. ૧૨૮૬.૭૨ કરોડના ખર્ચે ૩૦ કામો અને વિકાસ પ્રકલ્પોનો જાહેર જનતાને સમર્પિત થશે. જ્યારે અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૨૭૩.૯૪ કરોડના ખર્ચે ૧૫ કામોનું લોકાર્પણ થશે. જ્યારે રૂ. ૮૩૫.૧૧ કરોડના ખર્ચે ૨૩ કામોના ખાતમુહૂર્ત પણ થશે. આમ, આ વિસ્તારમાં રૂ. ૧૧૦૯.૦૫ કરોડનાં ખર્ચે કુલ ૩૮ જેટલા કામો અને પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થશે. આમ, બંને લોકસભા વિસ્તારોને મળીને, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૨૩૯૫.૭૭ કરોડના ખર્ચે સંભવિત ૬૮ જેટલા વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થશે. આ પ્રોજેક્ટ્સ થકી આગામી દિવસોમાં શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શહેરી સુવિધાઓ, ડ્રેનેજ, માર્ગ, પાર્ક તેમજ હરિત વિકાસ સહિતના ક્ષેત્રોમાં વિકાસ જોવા મળશે.

## નારણપુરામાં માર્ગનું નામકરણ, અંકુર ક્રોસ રોડથી પલ્લવ ક્રોસ રોડ

# “જીતો અમદાવાદ માર્ગ" નામ અપાયું, MLA જિતેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા







અમદાવાદ : અમદાવાદના નારણપુરા વોર્ડમાં AMC દ્વારા અંકુર ક્રોસ રોડથી પલ્લવ ક્રોસ રોડનું નવું નામકરણ કરવામાં આવ્યું છે. આ માર્ગને હવે “જીતો અમદાવાદ માર્ગ" તરીકે ઓળખવામાં આવશે.જેના નામકરણ સમારોહનું આયોજન ૨ ડિસેમ્બર ૨૦૨૫ના અંકુર ચાર રસ્તા ખાતે માનનીય મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના વરદ હસ્તે યોજવામાં આવ્યો, આ પ્રસંગ જીતો અમદાવાદ માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન હતું. આ કાર્યક્રમમાં જીતોના અગ્રણીઓ તેમજ AMCના મુખ્ય પદાધિકારીઓ સાથે ૩૦૦થી વધુ મેમ્બર તેમજ સ્થાનિક મહાનુભાવ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી એ જીતોના કાર્યની સરાહના કરી અને માનનીય પ્રધામમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના ઘર ઘર સ્વદેશી હર ઘર સ્વદેશી ને અપનાવી વિકાસમાં સહયોગી બનવા અપીલ કરી. આ પ્રસંગે ચેરમેન રાજીવ છાજેરે & ચીફ સેક્રેટરી જૈનિક વકીલ જણાવ્યું કે આ માર્ગને સુંદર રીતે વિકસિત કરીશું, જ્યાં જરૂર પડશે ત્યાં આ માર્ગ પર સીસીટીવી કેમેરા લગાવીશુ સાથે સાથે શહેરના વિકાસમાં ચોક્કસ સહયોગ આપીશું, તેમને વધુમાં જણાવ્યું કે નાના ફેરિયાઓ તેમજ લારીવાળાના વ્યવસાય વધે તે દિશામાં પણ સંસ્થા કાર્ય કરશે. આ અવસરે નારણપુરાના ધારાસભ્ય જિતેન્દ્રભાઈ પટેલ, ડેપ્યુટી મેયર જતિન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણી, શાસક પક્ષના દંડક શીતલ ડાગા, ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ચેરમેન પ્રીતેશભાઈ મહેતા, જીતો એપેક્સ ચેરમેન ગણપતરાજ ચૌધરી, જીતો એપેક્સ વાઈસ ચેરમેન હિમાંશુ શાહ, શ્રમણ આરોગ્યમ પ્રમુખ મલય શાહ, જીતો ગુજરાત ઝોનના ચેરમેન સંજીવ છાજેર તેમજ સ્ટિયરિંગ કમિટીના સભ્યો હસમુખ ગઢેચા, હેમંત શાહ, પ્રકાશ સંઘવી, જીગીશ દોશી, જીગીશ શાહ, કુશલ ભણસાલી, ચેતન શાહ, અસિત શાહ, ઋષભ પટેલ, જીતો લેડીઝ વિંગ અને યૂથવિંગના પદાધિકારી હાજર રહ્યા હતા.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/ mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.




## અમદાવાદમાં કોમનવેલ્થ ૨૦૩૦ની યજમાની રિયલ એસ્ટેટને બુસ્ટર ડોઝ સાથે સાથે

# ખાનગી અને હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં રીડેવલપમેન્ટમાં રોકેટગતિએ તેજી આવશે..!!

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : અમદાવાદ શહેરને ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી છે અને ૨૦૩૬માં ઓલિમ્પિકની યજમાની માટે પણ અમદાવાદ પ્રબળ દાવેદાર છે ત્યારે હવે શહેરનો ચારેતરફથી વિકાસ થાય તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. હાલમાં શહેરમાં સ્પોર્ટ્સ સિટીને લઈને વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે શહેરનો કોમર્શિયલ અને રેસિડેન્સિયલ સહિતનો વિકાસ થાય તે માટે પણ પ્રોજેક્ટ હાથ ધરાઈ રહ્યા છે. શહેરના વિવિધ ડેવલપર્સ દ્વારા અત્યાધુનિક હાઈરાઈઝ બિલ્ડીંગ માટેના પ્રોજેક્ટ હાથ પર લીધા છે.શહેરના વિવિધ ડેવલપર્સ દ્વારા અત્યાધુનિક હાઈરાઈઝ બિલ્ડીંગ માટેના પ્રોજેક્ટ હાથ પર લીધા છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા ૨૦૨૪થી લઈ અત્યાર સુધીમાં ૧૭ હાઈરાઈઝ પ્રોજેક્ટ એટલે કે ગગનચૂંબી બિલ્ડીંગોને રજાચિઠ્ઠી આપી મંજૂરી આપવામાં આવી છે. આ હાઈરાઈઝ બિલ્ડીંગો ૩૦ માળ કરતા વધુ ઉંચા હશે. જેમાં સેટેલાઈટ વિસ્તારમાં ૫ બેઝમેન્ટ સાથે ૩૮ અને ૨૮ ફ્લોરના બે બિલ્ડીંગ બની રહ્યા છે જ્યારે હેબતપુરમાં સૌથી વધુ ઉંચાઈનો ૩ બેઝમેન્ટ અને ૪૧ માળની બિલ્ડીંગ તૈયાર થશે. મ્યુનિ. કોર્પોરેશનની ગુરૂવાર મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠક બાદ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૧૦૦ મીટર અને તેનાથી વધુ ફલોરની ૧૭ બિલ્ડીંગો બની રહી છે જેને વર્ષ ૨૦૨૪થી અત્યાર સુધી રજા ચિઠ્ઠી આપી દેવાઈ છે આ ઉપરાંત ૧૫ માળ સુધીના ૮૨ બિલ્ડીંગો તૈયાર થશે.આમ રિયલ એસ્ટેટને બુસ્ટર ડોઝ મળવાની સંભાવનાઓ જાણકારો માની રહ્યા છે.

## અર્બન રીડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલ્ફેર એસોસિયેશનના પ્રમુખ જીતેન્દ્ર શાહ શું કહે છે...?

અમદાવાદ : અર્બન રીડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલ્ફેર એસોસિયેશના (URHWA)ના પ્રમુખ જીતેન્દ્રભાઈ શાહના મત મુજબ, અમદાવાદ આજે ભારતના સૌથી ઝડપથી વિકાસ પામતા મેટ્રો શહેરોમાં સ્થાન મેળવતું શહેર છે. કોમનવેલ્થ ૨૦૩૦, ઓલિમ્પિક ૨૦૩૬, રિવરફ્રન્ટ–આધારિત વિકાસ, મેટ્રો રેલ નેટવર્ક, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મોટા પાયે રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સના કારણે શહેરનું શહેરી સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ રહ્યું છે.જેમાં ચાંદખેડા, મોટેરા, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, પાલડી, નારણપુરા અને નવરંગપુરા જેવા વિસ્તાર, જે રિવરફ્રન્ટ અને મેટ્રો સાથે સીધા જોડાયેલા છે, આજે સૌથી મહત્વપૂર્ણ રીડેવલપમેન્ટ ઝોન તરીકે ઉભરી રહ્યા છે.

રિવરફ્રન્ટ–કનેક્ટેડ ઝોનમાં રીડેવલપમેન્ટના મોટા લાભ

- મિલકતના ભાવમાં ૩૦–૪૫% સુધીની વૃદ્ધિ
- નવા હાઈરાઈઝ ટાવર્સ, ગેટેડ સોસાયટીઝ અને ટાઉનશિપનું વિકાસ
- મેટ્રો + રિવરફ્રન્ટ રોડ + એસજી હાઈવે = ૩-વેજ સુપર કનેક્ટિવિટી
- વધુ ગ્રીન ઝોન, પાર્ક, ફૂટપાથ અને સ્માર્ટ રોડ સુવિધાઓ
- બિઝનેસ હબ, સ્ટાર્ટ અપ અને કેફે કલ્ચરનો ઉદય

જૂના ફ્લેટોના રીડેવલપમેન્ટના ખાસ લાભો

(ચાંદખેડા, મોટેરા, પાલડી, (ઉસ્માનપુરા, નારણપુરા માટે ખાસ ઉમેરણ)

આ વિસ્તારોમાં ૨૦–૩૫ વર્ષ જૂના ફ્લેટ્સ મોટી સંખ્યામાં છે, અને હવે તે બધા ઝડપથી રીડેવલપમેન્ટ મોડલ હેઠળ નવા આધુનિક ફ્લેટોમાં પરિવર્તિત થઈ રહ્યા છે.

૧. વધેલી મિલકત કિંમત

- જૂના ફ્લેટ કિંમત ? ?૪૦–૫૫ લાખ
- રીડેવલપમેન્ટ પછી ? ?૭૫ લાખથી ?૧.૩૦ કરોડ
- ૪૦–૬૦% જેટલો મૂલ્યવધારો

૨. વધેલી રહેવાની જગ્યા અને આધુનિક સુવિધાઓ

- વધુ કાર્પેટ એરિયા
- ૨૪×૭ સિક્યુરિટી, સીસીટીવી, લિફ્ટ
- બેસમેન્ટ પાર્કિંગ
- કોમ્યુનિટી હોલ, જીમ, ગાર્ડન જેવી સુધારેલી સુવિધાઓ

૩.નારણપુરા – સોલા બેલ્ટનો ખાસ લાભ

- નારણપુરા સ્પોર્ટસ સંકુલ અને મેટ્રો સ્ટેશનના કારણે પ્રિમિયમ રેસીડેન્ટીયલ ડીમાન્ડ
- રીડેવલપમેન્ટ ફલેટને સર્વોત્તમ રી-સેલ અને રેન્ટલ રીટર્નસ

૪. મોટેરા – સ્ટેડીયમ બેલ્ટનો ખાસ લાભ

- નરેન્દ્ર મોદી સ્ટેડીયમ અને મેટ્રો સ્ટેશનના કારણે પ્રિમિયમ રેસીડેન્ટીયલ ડીમાન્ડ
- રીડેવલપમેન્ટ ફલેટનૌ સર્વોત્તમ રી-સોલ અનો રેન્ટલ રીટર્નસ

૫. ચાંદખેડ-ગીફ્ટ સીટી ગ્રોથ બેલ્ટ

- ગીફ્ટ સીટીથી માત્ર ૧૨–૧૫ મિનિટ ડીસ્ટન્સ
- આઈટી સોકટર થી પ્રિમિયમ રેન્ટલ ડીમાન્ડ
- રીડેવલપમેન્ટ ફલેટ ? રેન્ટ વેલ્યું ૨૫–૪૦% વધારો

૬. ઉસ્માનપુરા-આશ્રમ રોડ પ્રાઈમ ઝોન

- રિવરફ્રન્ટ + મેટ્રો + CBD જોડાણ
- પ્રિમિયમ રીસેલ વેલ્યુ અને કોર્મશિયલ ડીમાન્ડ

૭. પાલડી-જુની પ્રાઈમ પ્રોપર્ટીનું મોર્ડન અપગ્રેડેશન

- ઝડપી રીડેવલપમેન્ટ
- વાઈડ રોડસ, મોલ્સ, રિવરફ્રન્ટ એકસેસ
- ફેમીલીઝ, એકઝીક્યુટીવ અને એનઆરઆઈ માટે ટોપ પ્રિફર્ડ લોકાલીટી

## ગુજરાત હાઉસિંગ વસાહત મંડળના પ્રમુખ દિનેશ બારડ શું કહી રહ્યા છે...?

ગુજરાત હાઉસિંગ વસાહત મંડળની દ્રષ્ટિએ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ ભારત, ગુજરાત, અમદાવાદ અને એમાંય નારણપુરામાં આવેલ આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ સંકુલ કોમનવેલ્થ ૨૦૩૦ નું યજમાન બન્યું છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે અને આ આપણને મળે તે માટેનો યશ ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભારતના ગૃહમંત્રી અને આપણા લોકપ્રિય સાંસદ અમિતભાઈ શાહ અને તેમની ટીમએ મહેનત કરીને ઈન્ટરનેશનલ રમત ગમત મહોત્સવનું આયોજન અમદાવાદમાં થાય તે માટેના તેમના પ્રયત્નોને ગુજરાત હાઉસિંગ વસાહત મંડળ વતી આપણે સૌ રહીશોના એસોસિયનો ખૂબ ખૂબ વધાવીએ છીએ અને તેમને આ માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.,. અને આ આંતરરાષ્ટ્રીય રમતગમત માટે અગાઉ થી જ ગુજરાતના પનોતા પુત્રોની સ્વપ્ન દ્રષ્ટા અને વિશાળ વિઝનના કારણે નારણપુરાની અંદર આ માટેનું જરૂરી ઈન્ટરનેશનલ સ્પોટ સંકુલ નારણપુરામાં આકાર પામી ગયું.તેના કારણે આ વિસ્તારો અમદાવાદ અને અમદાવાદની આસપાસના વિસ્તારોમાં પણ અમદાવાદ આખું નવસર્જન પામશે અને આ નવસર્જનના ભાગરૂપે નારણપુરા, નવા વાડજ, સ્ટેડિયમ વોર્ડ અને અમદાવાદના ઘણા બધા વિસ્તારોમાં જૂની સોસાયટીઓના રીડેવલપમેન્ટની કામગીરીને પણ સારો એવો વેગ મળશે અને અને તેમાં બનનારા નવા મકાનોની માગ અને તેજીમાં વધારો થશે અને તેની ગુણવત્તાઓ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાની હોવાના કારણે સગવડતાઓ આમ જનતાને મળશે અને તેના લીધે આ રીડેવલપમેન્ટની સાથે સાથે રોડ રસ્તાઓ તથા પર્યાવરણ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું અનુરૂપ થાય તેવા લાભો પણ આમ જનતાને મળશે અને તેના કારણે આ સગવડો કાયમી અને અમદાવાદનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુંજશે અને જેના કારણે ઘણા બધા રોજગાર ધંધા તથા ઉદ્યોગો પણ એની સાથે સાથે આપણા વિસ્તારોમાં અને અમદાવાદમાં સ્થપાશે જેનો આડકતરો લાભ આપણને રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડશે અને તેના કારણે મકાનોની રીડેવલપમેન્ટની માગ પણ વધશે અને તેનું નવસર્જન સફળ થાય તે માટે ખાસ કરીને આંતરરાષ્ટ્રીય નારણપુરામાં આવેલું સ્પોર્ટ સંકુલ તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ ફ્લેટો ગુજરાત હાઉસિંગ બોર્ડના હજારોની સંખ્યામાં આવેલા છે તો રીડેવલપમેન્ટ બાદ સમગ્ર વિસ્તાર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સુંદર સુગમ અને સરસ પર્યાવરણની દષ્ટિએ બની શકે તેમ છે.

લી. દિનેશ બારડ પ્રમુખ ગુજરાત હાઉસિંગ વસાહત મંડળ

## પૂર્વ કોર્પોરેટર અને લોકતંત્ર સેનાની ઉત્તમ સુરતી શું કહે છે..?

અમદાવાદ શહેરમાં ૨૦૩૦ માં રમાનાર કોમનવેલ્થ સ્પોર્ટ્સ ગેમનું મુખ્ય મથક જ્યારે નારણપુરામાં આવેલ વીર સાવરકર સ્પોર્ટ કોમ્પ્લેક્સ તેનું મુખ્ય મથક રહેવાનું છે વીર સાવરકર સ્પોર્ટ કોમ્પ્લેક્સની આજુબાજુ ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો જે ખૂબ જ જર્જરિત થઈ ગયેલ છે તેવા તમામ મકાનોને રીડેવલપમેન્ટ પોલિસી હેઠળ રીડેવલપમેન્ટ કરવા જેવા છે હાલ રીડેવલપમેન્ટ પોલિસીમાં કેટલાક વિવાદો છે તેથી રીડેવલપમેન્ટ પોલિસીમાં ધરમૂળથી ઘણા ફેરફાર કરવા જેવા છે તે માટે હાઉસિંગ વિસ્તારના અગ્રણીઓ અને જાહેર જીવનના પ્રશ્નો સાથે જોડાયેલા આગેવાનો સાથે અને ચૂંટાયેલા પ્રતિનિધિ સાથે ગુજરાત સરકારે વિસ્તૃત ચર્ચા કરી નવી પોલીસી બનાવી હાઉસિંગ બોર્ડના આ જર્જરીત મકાનો રીડેવલપમેન્ટ કરવા જેવા છે દુનિયાભરના લાખો ખેલાડીઓ જ્યારે અહીંયા આવવાના છે તેમજ લાખો પ્રેક્ષકો પણ દુનિયાભરમાંથી આવવાના છે તો તાકીદે રીડેવલપમેન્ટની નવી પ્રજાલક્ષી પોલિસી બનાવી તાકીદે રીડેવલપમેન્ટ થાય તે માટે આપણા વિસ્તારના માનનીય સાંસદ અને દેશના ગૃહ અને સહકાર મંત્રી માનનીય અમિતભાઈ શાહ યોગ્ય માર્ગદર્શન કરે તેવી પ્રજાની લાગણી અને માંગણી છે...

-ઉત્તમ સુરતી પૂર્વ કોર્પોરેટર લોકતંત્ર સેનાની

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
CSC
e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

નવા વાડજમાં વિવિધભારતી સોસાયટીમાં રહેતા એડવોકેટ પ્રકાશચંદ્ર સોની

# આજે ૩ ડિસેમ્બર "એડવોકેટ ડે", એકજ પરિવારમાં ૧૧ એડવોકેટ

અમદાવાદ : ભારતના પ્રથમ રાષ્ટ્રપતિના જન્મદિવસની યાદમાં અને ભારતમાં "એડવોકેટ ડે" પર વકીલોનું સન્માન - દર વર્ષે ૩ ડિસેમ્બરે ઊજવવામાં આવે છે. ભારત દેશમાં દર વર્ષે ૩જી ડિસેમ્બરે વકીલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના જન્મદિવસને એડવોકેટ દિવસ તરીકે ઊજવાય છે, તેઓ એક વકીલ પણ હતા અને આ જ કારણ છે કે આ દિવસ તમામ વકીલો અને વકીલોને માંન અને સન્માન પણ અપાય છે, આજે એડવોકેટ ડેને લઈને નવા વાડજમાં આવેલ વિવિધ ભારતી સોસાયટીમાં રહેતા એડવોકેટ પ્રકાશચંદ્ર કે સોનીની વાત કરીશું. જેમના પરિવારમાં કુલ ૧૧ સભ્યો એડવોકેટ છે. તેઓના પિતાશ્રી કનૈયાલાલ શાંતિલાલ સોની પણ એડવોકેટ છે. તેમના બે મોટા ભાઈઓ, કિરીટભાઈ તથા વિજયભાઈ પણ એડવોકેટ છે તથા તેમના નાનાભાઈ પંકજભાઈ એડવોકેટ છે તેમના ભત્રીજા નામે રાજેશભાઈ તથા દિપેશભાઈ તેમજ દર્શનભાઈ પણ એડવોકેટ છે તથા તેમની ભત્રીજી નામે પિન્કીબેન પણ એડવોકેટ છે તથા તેમનો બીજો એક ભત્રીજો નામે પાર્થ પણ એડવોકેટ છે અને પ્રકાશભાઈ સોનીનો દીકરો પણ દીપ સોની પણ એડવોકેટ છે.

આ રીતે તેઓના કુટુંબમાં કુલ ૧૧ સભ્યો વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને વકીલાતનો વ્યવસાયએ ઉમદા વ્યવસાય છે તથા સેવાભાવી વ્યવસાય છે આજે ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ એડવોકેટ દિવસ છે અને આ રીતે એડવોકેટ પરિવાર ૧૧ સભ્યોનો બનેલો છે અમારા તરફથી સૌ વકિલ, એડવોકેટ અને જજ મિત્રોને હાર્દિક શુભકામનાઓ...

# અમદાવાદના પશ્ચિમના આ વિસ્તારોમાં ૫ ડિસેમ્બરે પાણી કાપ, ૬ ડિસેમ્બરે રાબેતા મુજબ પાણી મળશે

અમદાવાદ : અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રાણીપ, બલોલનગર અને નવાવાડજ વિસ્તાર સિવાય તમામ પશ્ચિમ ઝોનના વિસ્તારમાં પાંચ ડિસેમ્બરના રોજ સાંજના સમયે પાણી આવશે નહીં. ૬ ડિસેમ્બરના રોજ ઉપલબ્ધ જથ્થા મુજબ પાણી મળશે. વાસણા, પાલડી, નવરંગપુરા, આશ્રમરોડ, નારણપુરા, ન્યુ રાણીપ, ચાંદખેડા અને સાબરમતી વોર્ડમાં પાણી સાંજના સમયે મળશે નહીં.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, આગામી ૫ ડિસેમ્બરના રોજ મ્યુ કોર્પોરેશનના વોટર પ્રોજેક્ટ અંતર્ગત કોતરપુર વોટર વર્ક્સથી શહેરના પશ્ચિમઝોનને પાણી પૂરવઠો પુરો પાડતી ૧૬૦૦ મી.મી. વ્યાસની વેસ્ટર્ન ટ્રનક મેઈન્સમાં ચીમનભાઈ પટેલ ઓવરબ્રિજના આર.ટી.ઓ. સર્કલ તરફના એપ્રોચની બાજુમાં જેલ વિભાગના પરીસરમાં થયેલા લીકેજ રીપેરીંગ તથા મોટેરા ચાર રસ્તા પાસે આકાશ દર્શન વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની ફીડર લાઈનનું ૧૩૦૦ મીમી વ્યાસની હયાત લાઈન સાથે જોડાણ કરી ઈનસાઈડ પ્લેટ કટીંગની કામગીરી કરવાના હોવાના કારણે શટડાઉન રાખવામાં આવશે.

મુખ્ય પાણીની પાઈપ લાઈનમાં શટડાઉન ૫ ડિસેમ્બરના રોજ પશ્ચિમઝોનના રાણીપ વોર્ડ તથા નવા વાડજ વોર્ડના નિર્ણયનગર અને બલોલનગર વો. ડી. સ્ટેશન સિવાયના તમામ વો. ડી. સ્ટેશનમાંથી સાંજનો સપ્લાય બંધ રાખવામાં આવનાર છે. ૬ ડિસેમ્બરના રોજ સવાર તથા સાંજનો પાણી પુરવઠો પાણીના ઉપલબ્ધ જથ્થા મુજબ આપવામાં આવશે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક **www.facebook.com/mirchinews1** સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર **mirchinews**ને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

Dr. RAVI'S
Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist

DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning:
8:30 AM to 9:30 AM
Evening:
4:00 AM to 8:00 PM
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
- Type 1 & Type 2 Diabetes In People Of All Ages
- Diabetes Complications Management
- Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
- All Types Of Thyroid Disorders
- Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
- Pcos ( Polycystic Syndrome)
- Short Height And Pubertal Disorders In Children

Dr. SHIKHA'S
Skin Clinic
SKIN • HAIR • LASERS • AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist

DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing:
Evening
5 PM to 8 PM
Specialist in Skin and Hair Problems
- Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
- Pimples and Acne Treatment
- Pigmentation / Dark Spots
- Laser Hair Removal
- Anti-aging, Peels, Botox, Fillers
- Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
- Pediatric skin diseases


For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)

ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
પ્રવેશ માટે સંપર્ક કરો
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી
ડો.અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.

આચાર્યશ્રી
દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)

નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.